રાષ્ટ્રીય ઘોડિયાઘર યોજના અંતર્ગત રાજ્યમાં
ચલાવવામાં આવતા ઘોડિયાઘર બાબત

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક-આઇસીડી/૧૧૨૦૧૮/૬૧૭/બ
સચિવાલય,ગાંધીનગર.
તા. ૧૨/03/૨૦૨૦

વંચાણે લીધા:-

(૧) ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયનો તા.૨૮/૧૦/૨૦૧૬નો પત્ર ક્રમાંક:CRE-12/14/2016-Creche

(૨) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૧/૫/૨૦૧૭ નો ઠરાવ ક્રમાંક:સકબ/૧૦૨૦૧૬/૧૦૬/અ

(3) ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયનો તા.30/3/૨૦૧૭નો પત્ર ક્રમાંક CRE-12-1/2017-Creche

(૪) ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયનો તા.૮/૯/૨૦૧૭નો પત્ર ક્રમાંક D.O.Letter No.DBT/15/2017-DBT cell.

(૫) ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયનો તા.૨૬/૧૦/૨૦૧૭નો પત્ર ક્રમાંક CRE-12/3/2017-Creche

(૬) ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયનો તા.૧૦/૫/૨૦૧૮નો પત્ર ક્રમાંક CRE-20/1/2018-Creche

આમુખ:-

ઘોડિયાઘર એક એવી જગ્યા છે, જ્યાં માતાપિતા કામ કરતી વખતે તેમાં બાળકોને મૂકી શકે અને જ્યાં બાળકોને તેમના સર્વગ્રાહી વિકાસ માટે પ્રોત્સાહક વાતાવરણ પૂરું પાડવામાં આવે છે. ઘોડિયાઘર સામાન્ય રીતે ૬ વર્ષ સુધીની ઉંમરના બાળકો માટે અને જેઓ દિવસ દરમ્યાન તેમના ઘરથી દૂર હોય ત્યારે કાળજી, માર્ગદર્શન અને દેખરેખની જરૂર હોય તેવા બાળકોને જૂથમાં સંભાળ પૂરી પાડવા માટે બનાવવામાં આવે છે. ઘોડિયાઘર યોજનાના હેતુઓને ધ્યાને લઇ પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવ કરવામાં આવે છે.

ઠરાવ:-

સમુદાયમાં કામ કરતી માતાઓના બાળકો (૬ મહિનાથી ૬ વર્ષ) માટે દિવસ દરમ્યાન સંભાળ રાખવા, પોષણ અને આરોગ્યની સેવા આપવા તેમજ બાળકોના શારીરિક, જ્ઞાનાત્મક, સામાજિક અને ભાવનાત્મક વિકાસ (સર્વગ્રાહી વિકાસ)ને પ્રોત્સાહન આપવા તથા માતાપિતા/પાલકોને વધુ સારી રીતે સંભાળ માટે શિક્ષિત કરવા અને તેમનું સશક્તિકરણ કરવાનો આ યોજનાનો મુખ્ય હેતુ છે.

<u>ઘોડિયાઘરની સેવાઓ</u>

(૧) બાળકો માટે આરામની સુવિધા.

(૨) પૂરક પોષણ

(3) આરોગ્ય તપાસ અને રસીકરણ

(૪) પૂર્વ પ્રાથમિક શિક્ષણ

(૫) વૃધ્ધિની દેખરેખ

<u>ઘોડિયાઘરની મંજુરીના માપદંડ</u>

ઘોડિયાઘરના લક્ષિત જુથમાં મહિને ઓછામાં ઓછા ૧૫ દિવસ અથવા વર્ષે ૬ મહિના રોજગાર મેળવનારી ગ્રામીણ અને શહેરી વિસ્તારની કામ કરતી મહિલાઓના ૬ મહિનાથી ૬ વર્ષ સુધીના બાળકો,ગરીબ બાળકો અને પોષણલક્ષી ખાસ જરૂરીયાતો ધરાવનાર બાળકોને પ્રાથમિકતા આપવામાં આવશે.

(૧) <u>ઘોડિયાઘર માટે જરૂરી લાભાર્થીની સંખ્યા-</u>

ઘોડિયાઘર દીઠ વધુમાં વધુ કુલ ૨૫ બાળકો જેમાં ૬ મહિનાથી 3 વર્ષ સુધીના શક્ય હોય ત્યાં સુધી ઓછામાં ઓછા ૧૦ બાળકો અને 3 થી ૬ વર્ષ સુધીના ૧૫ બાળકો હોવા જોઇશે.

(૨) <u>સંસ્થા તેમજ અન્ય સરકારી સંસ્થા માટે ઘોડિયાઘરની મંજૂરી આપવા માટેના નિયમોઃ-</u>

(૧) આ સંસ્થા કાયદા હેઠળ રજીસ્ટર હોવી જોઈએ અને તેમનું સંચાલક મંડળ યોગ્ય રીતે રચાયેલ હોવું જોઈએ અને તેમની સત્તાઓ,ફરજો અને જવાબદારીઓ સ્પષ્ટ રીતે વ્યાખ્યાયિત અને બંધારણમાં મુકેલ હોવી જોઈએ.તેમજ નીતિ આયોગ દર્પણ (niti.gov.in/niti/માં NGO Darpan) ઉપર રજીસ્ટ્રેશન થયેલુ હોવું ફરજીયાત છે.

(૨) આ સંસ્થા કોઈપણ વ્યક્તિ અથવા વ્યક્તિઓના સમૂહના નફા માટે કામ કરતી હોવી જોઈએ નહીં; તેના રજીસ્ટ્રેશન પછી સામાન્ય રીતે તેને સંબંધિત ક્ષેત્રમાં ત્રણ વર્ષનો અનુભવ હોવો જોઈએ.

(3) તેની નાણાકીય સ્થિતિ સધ્ધર હોવી જોઈએ.

(૪) જે યોજના માટે સહાય માંગવામાં આવી છે તેને શરૂ કરવા માટે તેની પાસે સુવિધાઓ, સંસાધનો, અનુભવ અને કર્મચારીઓ હોવા જોઈએ.

(3) <u>માળખાકીય વ્યવસ્થા</u>

(I) ઘોડીયાઘર માતાઓના કામ કરવાના સ્થળની નજીક (ચાલીને જઈ શકાય તેવા અંતરે એટલે કે 0.5 થી 1 કિમીમાં) હોય તે જરૂરી છે.

(II) ઘોડીયાઘર નંબર,ગામ/જગ્યાનું નામ, ઘોડિયાઘરના કાર્યકર અને મદદનીશના નામ, સંસ્થાનું નામ અને તેના પ્રમુખનો ફોન નંબર, મુલાકાત લેતા ડોક્ટરનું નામ, પુરક પોષણનું મેનુ વગેરેની માહીતી ઘોડિયાઘરની બહાર પ્રદર્શીત કરવાની રહેશે.

(III) ઘોડિયાઘર ગ્રાઉન્ડ ફ્લોર પર હોવું જોઇએ. ખાસ જરૂરિયાતો ધરાવતા બાળકો માટે ભૌતિક પર્યાવરણ ઉચિત રીતે અનુકૂળ હોવું જોઈએ.

(IV) બાળકો રમી શકે અને આરામ કરી શકે તેવા મોટા બે રૂમ તેમજ રસોઇ બનાવવા માટે અલગ રૂમ (એક ઘોડિયાઘરમાં બાળક દીઠ ઓછામાં ઓછી ૬-૮ચો ફૂટ, કુલ ૧૫૦-૨૫૦ ચોરસ ફૂટ)ની જગ્યા હોવી જોઇએ.**ઘોડિયાઘર કેંદ્ર કાર્યકર કે મદદનીશના ઘરે ચલાવવાની મંજૂરી આપી શકાશે નહીં.**

(V) હવા ઉજાસ અને વીજળીની સગવડ (લાઈટ, પંખા), પીવાના પાણી (વોટર પ્યુરીફાયર) અને બાળકોને અનુરૂપ ભારતીય પ્રકારના શૌચાલય, વોશ બેઝિનની સુવિધાઓ તેમજ પાણીની પૂરતી સગવડ ધરાવતું હોવું જોઇએ.

(VI) રસોઇ બનાવવાની અને જમાડવા માટે પીરસવાના વાસણોની સુવિધાઓ ઉપલબ્ધ હોવી જોઇએ.

(VII) બાળકોની વૃધ્ધિ પર દેખરેખ રાખવા માટે બાળકોનું નિયમિત વજન કરાવવા માટે નજીકના આંગણવાડી કેંદ્ર સાથે સંપર્કમાં રહેવાનું રહેશે.

(VIII) આરોગ્ય તપાસ, દવાઓ અને પ્રાથમિક સારવારની કીટ ઘોડિયાઘર કેંદ્ર ઉપર ફરજીયાત રાખવાની રહેશે. બાળકોનું રસીકરણ, પોલીઓના ટીપાં વગેરે જેવી આરોગ્યલક્ષી સંભાળ મેળવવા હેતુ ઘોડિયાઘરનું નજીકના આંગણવાડી કેંદ્ર/જાહેર આરોગ્ય સુવિધા કેંદ્રના કર્મચારીઓ સાથે જોડાણ હોવું જરૂરી છે.

(XI) આદર્શ ઘોડિયાઘરમાં બાળકો માટે ઊંઘવાની સુવિધાઓ (પલંગ, ઘોડિયા, ગાદલા, રજાઇ વગેરે) હોવી જોઇએ.

(X) ઘોડિયાઘર કેંદ્રમાં ફાયર સેફ્ટીની સુવિધા ઉપલબ્ધ હોવી જરૂરી છે.

(૪) <u>માનવબળ</u>

ઘોડિયાઘર દીઠ- <u>૧ કાર્યકર</u> અને <u>૧ મદદનીશ</u> રાખવાના રહેશે.

<u>શૈક્ષણિક લાયકાત અને વય મર્યાદા</u>

(i) <u>ઘોડિયાઘરના કાર્યકરની શૈક્ષણિક લાયકાત</u>- ઘોડિયાઘરના કાર્યકરની લઘુત્તમ શૈક્ષણિક લાયકાત ધોરણ ૧૨ પાસ અથવા ધોરણ ૧૦ પાસ પછીના AICTE માન્યતા પ્રાપ્ત કોઇ પણ ઓછામાં ઓછો ૨ વર્ષનો ડીપ્લોમા કોર્ષ પાસ હોવો જરૂરી છે.

(ii) <u>ઘોડિયાઘરના મદદનીશની શૈક્ષણિક લાયકાત</u>: મદદનીશની લઘુત્તમ શૈક્ષણિક લાયકાત ધોરણ ૧૦ (મેટ્રિક્યુલેશન) હોવી જોઈએ.

(iii) ઘોડીયાઘરના કાર્યકર અને મદદનીશે માન્યતા પ્રાપ્ત તાલીમ કેંદ્રોમાંથી છેલ્લા 3 વર્ષમાં તાલીમ લિધેલી હોવી જોઇશે.

(iv) જો આ લાયકાતમાં છૂટછાટ આપવાની થાય તો રાજ્ય સરકારની મંજૂરી મેળવવાની રહેશે.

- વયમર્યાદા
  ઘોડીયાઘરના કાર્યકર અને મદદનીશ માટે ૧૮ થી ૩૫ વર્ષની વયમર્યાદા હોવી જોઇશે.
- તાલીમ-
  - ➢ ઘોડિયાઘરના કાર્યકર અને મદદનીશને તાલીમ અપાવવાની રહેશે.
  - ➢ ઘોડિયાઘરના કાર્યકર અને મદદનીશને સામાન્ય આરોગ્ય અને પોષણ તથા શાળા પુર્વેના શિક્ષણ માટે રચનાત્મક પદ્ધતિઓની તાલીમ ફરજિયાત આપવાની રહેશે.
  - ➢ ઘોડીયાઘરના કાર્યકર અને મદદનીશને દર ૨ વર્ષે રાજ્ય સરકારના સંસાધનોમાંથી રીફ્રેશર તાલીમ આપવાની રહેશે.

(૫) નાણાંકીય વ્યવસ્થા:-

ઘોડિયાઘર યોજનામાં ૬૦% ફાળો ભારત સરકાર અને ૩૦% ફાળો રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવશે. જ્યારે ૧૦% ફાળો સ્વૈચ્છિક સંસ્થાએ ભોગવવાનો રહેશે. ઘોડિયાઘર ચલાવવા માટેની તમામ વ્યવસ્થા સ્વૈચ્છિક સંસ્થાઓ /રાજ્ય સરકાર દ્વારા સ્વયં કરવાની રહેશે. રાજ્ય સરકાર દ્વારા માત્ર મોનીટરીંગ કરવામાં આવશે.

રાજ્ય સરકાર દ્વારા ઘોડિયાઘર ચલાવવામાં આવે તો તે માટે ૬૦:૪૦ મુજબનું નાણાકીય પ્રમાણ રહેશે.

નાણાંકીય મદદ/રીકરીંગ ગ્રાંટ (પ્રતિ ઘોડિયાઘર દિઠ માસિક/ વાર્ષિક ખર્ચ) અને નોન રીકરીંગ ગ્રાંટ (૨૫ બાળકોના ઘોડિયાઘર માટે) સામેલ પરિશિષ્ટ-૧માં જણાવ્યા મુજબ રહેશે.

(૬) અરજી કરવાની પદ્ધતિ:-

(i) સ્વૈચ્છિક સંસ્થા દ્વારા તેમજ સરકારી સંસ્થા દ્વારા અરજી **www.ngomwcd.gov.in** ઉપર નિયત નમૂનામાં ઓનલાઇન કરવાની રહેશે. અરજી પત્રક પરિશિષ્ટ-૨ મુજબ સામેલ છે.

(ii)કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી દ્વારા નિયત નમૂનામાં આવેલ અરજી જિલ્લા કક્ષાની સંચાલન સમિતિના અભિપ્રાય માટે જિલ્લા પ્રોગ્રામ ઓફિસરશ્રીને મોકલી આપવાની રહેશે.

(iii) જિલ્લા પ્રોગ્રામ ઓફિસરે તે અંગે જિલ્લા સંચાલન સમિતિનો અભિપ્રાય મેળવ્યા બાદ ઘોડીયાઘરની તમામ દરખાસ્તો કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસને મોકલી આપવાની રહેશે.કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ દ્વારા, જિલ્લા સંચાલન સમિતિના અભિપ્રાય સાથે આવેલ ઘોડીયાઘરની દરખાસ્તો રાજ્ય સંચાલન સમિતિની વિચારણા માટે રજૂ કરવાની રહેશે. અને તે અંગે રાજ્ય સંચાલન સમિતિની ભલામણો પરત્વે રાજ્ય સરકારની મંજૂરી મેળવ્યા બાદ,તે ભારત સરકારને મોકલવાની રહેશે.

(iv)ઘોડીયાઘરની મંજૂરી ભારત સરકાર દ્વારા આપવામાં આવશે અને ત્યાર બાદ ઘોડીયાઘર કાર્યાન્વીત કરવામાં આવશે.

(v)જુના ઘોડીયાઘર બંધ કરવા તેમજ સ્થળ બદલી કરવા માટે પણ ભારત સરકારની મંજૂરી મેળવવી જરૂરી છે.

(vi) અધૂરી વિગતો વાળી અરજી નામંજૂર કરવામાં આવશે.

(vii) આંગણવાડી કમ ઘોડીયાઘર ન હોય તે જ વિસ્તારમાં ઘોડીયાઘર મંજૂર કરી શકાશે.

<u>રેકર્ડ અને રજીસ્ટર</u>

ઘોડિયાઘરના કાર્યકરે નીચેની વિગતે માર્ગદર્શિકા મુજબ જણાવેલ રેકર્ડ અને રજીસ્ટર નિભાવવાના રહેશે.

(૧) બાળકો અને કાર્યકર, મદદનીશની હાજરી અંગેનું હાજરી પત્રક નિભાવવાનું રહેશે.

(૨) આરોગ્ય તપાસ કરાવ્યા અંગેનું રજીસ્ટર અને રસીકરણ અંગેનું રજીસ્ટર નિભાવવાનું રહેશે

(3) બાળકોની વૃધ્ધિ અંગેનું રજીસ્ટર નિભાવવાનું રહેશે.

(૪) બાળકોનો ગ્રોથચાર્ટ નિભાવવાનો રહેશે.

(૫) મુલાકાત રજીસ્ટર નિભાવવાનું રહેશે.

(૬) સ્ટોક રજીસ્ટર નિભાવવાનું રહેશે.

(૭) ડેડ સ્ટોક રજીસ્ટર નિભાવવાનું રહેશે.

(૮) સંપૂર્ણપણે અથવા આંશિક ભારત સરકારની ગ્રાંટમાંથી મિલ્કતોના રેકર્ડ નિભાવવાના રહેશે.

(૯) સમયસર ખર્ચના પત્રકો સાથે યુટીલાઇઝેશન સર્ટીફીકેટ અને ઓડીટ કરેલા હિસાબો જમા કરાવવાના રહેશે.

(૧૦) ઉપયોગ ચાર્જ રજીસ્ટર નિભાવવાનું રહેશે.

(૧૧) દરેક રેકર્ડ અને રજીસ્ટરમાં અતિકુપોષિત બાળકોની અલગથી નોંધ કરવાની રહેશે.

(૧૨) બાળકનું અને તેની માતાનું આધાર કાર્ડ ધરાવતી ફાઇલ રાખવાની રહેશે.

(૧૩) કામ કરતી મહિલાઓના કામ કરતા હોવાના સક્ષમ સત્તાધિકારીના પ્રમાણપત્રનું રેકર્ડ.

આ ઉપરાંત ભારત સરકારશ્રીની વખતો વખતની સૂચના મુજબના રેકર્ડ અને રજીસ્ટર નિભાવવાના રહેશે.

- <u>નિરીક્ષણ</u>

  આઈસીડીએસની મુખ્યસેવિકા/સીડીપીઓએ મહિનામાં એક વખત ઘોડિયાઘરની મુલાકાત લેવાની રહેશે. નિરીક્ષણ દરમ્યાન ઘોડિયાઘરની કામગીરી સંતોષકારક ન જણાય અથવા અન્ય કોઇ કારણસર ઘોડિયાઘર બંધ કરવાનું થાય તેવા કિસ્સામાં સ્પષ્ટ અભિપ્રાય સહિત ઘોડિયાઘર બંધ કરવાની દરખાસ્ત જિલ્લા કક્ષાએ કરવાની રહેશે.

જિલ્લા કક્ષાએથી આવી દરખાસ્ત સ્પષ્ટ અભિપ્રાય સાથે રાજ્ય કક્ષાએ કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસને મોકલવાની રહેશે અને રાજ્ય કક્ષાએથી આવી દરખાસ્તો રાજ્ય સરકારના અભિપ્રાય સાથે કેન્દ્ર સરકારને મોકલવાની રહેશે.

- ગ્રાન્ટ આપવા માટેની શરતો

(૧) મંજુર કેંદ્રોને ગ્રાંટ ફાળવણી જિલ્લા પંચાયત દ્વારા કરવાની થશે.

(૨) યોજના અંતર્ગત પહેલાંથી જ ઘોડિયાઘરનું સંચાલન કરનાર એન.જી.ઓ/સંસ્થાઓ પણ વધુ ગ્રાંટ મેળવતા પહેલાં પોતાની રાજય સરકારમાં નોંધ કરાવશે.

(૩) એન.જી.ઓ/સ્વૈચ્છિક સંસ્થાની નોંધણી કરતી વખતે રાજય સરકાર એ બાબતે ખાતરી કરશે કે, એન.જી.ઓ/સ્વૈચ્છિક સંસ્થાઓ પાસે ઘોડિયાઘરમાં બાળકોની સુરક્ષા અને સલામતી માટે પુરતી સુવિધાઓ છે અને તેઓ પાસે ઘોડિયાઘરના સંચાલકો અને લાભાર્થીઓ (એટલે કે બાળકો)ના આધાર નંબર પણ હોવા જોઇએ.

(૪) ગ્રાંટ માટે અરજી કરનાર એન.જી.ઓની એન.જી.ઓ પાર્ટનરશીપ સિસ્ટમ (એન.જી.ઓ. પી.એસ.)માં (ngomwcd.gov.in) નોંધણી થયેલી હોવી જોઇએ અને તેનો યુનિક આઇ.ડી. હોવો જોઇએ. જો કોઇ મહિનામાં બાળકોની સંખ્યા ૧૦ કરતાં ઓછી હશે તો તેવા કિસ્સામાં ગ્રાંટ ફાળવવામાં આવશે નહીં.

(૫) જો બાળકોની સંખ્યા ૨૫ કરતાં ઓછી અને ૯ કરતા વધુ હશે તો,પૂરકપોષણ માટેનો ખર્ચ બાળકોની સંખ્યા મુજબ આપવામાં આવશે.

(૬) ઘોડિયાઘરની મંજૂર ગ્રાંટનો ૧૦% ફાળો સંસ્થાએ ઉમેરવાનો રહેશે.

(૭) ઘોડિયાઘર યોજના મંજૂર થયે ઘોડિયાઘરનું સંચાલન કરતી સરકારી/અર્ધ સરકારી અને સ્વૈચ્છિક સંસ્થાએ દર ત્રણ માસે જિલ્લા પ્રોગ્રામ ઓફીસરને હિસાબો રજુ કરવાના રહેશે.અને તેઓનું પ્રમાણપત્ર મેળવીને કમિશ્નરશ્રી,મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગરને રજુ કરવાના રહેશે.

(૮) ઘોડિયાઘરની ગ્રાંટના હિસાબોનું પ્રિઓડીટ કરાવી અને ચૂકવણું કરવાનું રહેશે.

(૯) સરકાર તરફથી ચુકવવાની થતી ગ્રાંટ અને અન્ય ચુકવણાં RTGS થી કરવામાં આવશે.

(૭) અન્ય બાબતો

- ઘોડિયાઘરનો સમય:-

ઘોડિયાઘર મહિનાના ૨૬ દિવસ માટે દિવસના સાડા સાત (૭:૩૦) કલાક કાર્યરત રહેશે. જેનો સમય સવારે ૭:૦૦ થી બપોરના ૨:૩૦,સવારે ૮:૦૦ થી બપોરના ૩:૩૦, અથવા સવારે ૯:૦૦ થી બપોરે ૪:૩૦ સુધીનો રાખી શકાશે. તેમજ જે મહિલાઓએ લાંબો સમય કામ કરવું પડતું હોય, તેના માટે વધારાના સમય માટે યોગ્ય દરે વધારાનું ચૂકવણું લઇને વ્યવસ્થા કરી શકાશે.

- <u>ઘોડિયાઘરના ઉપયોગનો ચાર્જ:-</u>

    - બીપીએલ માટે - રૂ.૨૦/ પ્રતિ બાળક દીઠ પ્રતિ માસ
    - પ્રતિ માસ રૂ.૧૨૦૦૦/- સુધીની આવક ધરાવતા કુટુંબ માટે – રૂ.૧૦૦/- પ્રતિ બાળકદીઠ પ્રતિ માસ
    - પ્રતિ માસ રૂ.૧૨૦૦૦/- થી વધુ આવક ધરાવતા કુટુંબ માટે – રૂ.૨૦૦/- પ્રતિ બાળક દીઠ પ્રતિ માસ લેખે યુજર ચાર્જિસ લઇ શકાશે અને તેનો ઉપયોગ બાળકોના કલ્યાણ અને ઘોડિયાઘરની સુવિધા વધારવા માટે જિલ્લા પંચાયતના પરામર્શમાં રહીને કરવાનો રહેશે.

- <u>ઘોડિયાઘર સંચાલન સમિતિ-</u>

ઘોડિયાઘરના સંચાલન સંદર્ભે આ સાથે સામેલ પરિશિષ્ટ-૩એ મુજબ જિલ્લા કક્ષાની સંચાલન સમિતિ અને પરિશિષ્ટ-૩બી મુજબ રાજ્ય કક્ષાની સંચાલન સમિતિ રહેશે. આ સમિતિઓએ તેમાં જણાવ્યા મુજબ ઘટતી કાર્યવાહી કરવાની રહેશે.

- સ્થાનિક સ્વરાજ્યના સંસ્થાઓના નિયમોનું પાલન થવું જરૂરી છે.

- <u>સંકલન-</u>

ઘોડિયાઘરના નજીકના વિસ્તારના સ્થાનિક પ્રાથમિક આરોગ્ય કેંદ્રો/પેટા આરોગ્ય કેંદ્રો/સરકારી આરોગ્ય કેંદ્રો સાથે જોડાણની ખાતરી કરવી અને બાળકોને રસીકરણ અને પ્રાથમિક આરોગ્ય તપાસ જેવી સુવિધાઓ પુરી પાડવાની રહેશે.

<u>(૮) ઘોડિયાઘર બંધ કરવાની સ્થિતિએ અનુસરવાની પદ્ધતિ</u>

યોજનાની કોઇ પણ જોગવાઇ ભંગ કરવાના કિસ્સામાં અથવા જો એન.જી.ઓ. ઘોડિયાઘર બંધ કરવાનું ક્યારેક નક્કી કરે તો સરકારી ગ્રાંટમાંથી મેળવેલ તમામ મિલકત ભારત સરકાર / રાજય સરકારને પરત કરવાની રહેશે અથવા તેના માટેની રકમ ભારતીય દંડ સંહીતા હેઠળ (જે લાગુ પડે તે) પરત મેળવી શકાય.જો કોઇ આંશિક ડિફોલ્ટ થાય (જેમ કે ,ઘોડિયાઘરમાં ઓછા બાળકો રાખવા અને વધુ સંખ્યા બતાવવી, બાળકો સાથે ખરાબ વર્તન કરવું ,હિસાબોમાં ખોટી એંટ્રી કરવી અને એન. જી.ઓ દ્વારા એવા બાળકો રાખવા કે જે યોજના માટે લાયક ના હોય) વિગેરે જેવા કિસ્સામાં અથવા કોઇપણ પ્રકારની ગેરરીતિ જણાશે તેવા કિસ્સામાં અને જિલ્લા સંચાલન સમિતિની ભલામણ હશે તેવા કિસ્સામાં ભારત સરકારનું મહિલા અને બાળ વિકાસ મંત્રાલય પોતાની મેળે અથવા રાજય સરકારની ભલામણ પર દંડ તરીકે મંજુર રકમના ૧૦% કાપી લેવા માટે સક્ષમ છે. મોટા પ્રમાણમાં ડિફોલ્ટ થવા પર (જેમ કે

અન્ય કોઇ હેતુ માટે ફંડનો ઉપયોગ કરવો અને ખોટા દસ્તાવેજો જમા કરાવવા), ઉપરોક્ત પગલાં ભરવા ઉપરાંત ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયની વેબસાઇટમાં સંસ્થાનું નામ બ્લેકલિસ્ટ કરવામાં આવશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(અંકિતા ક્રિશ્ચિયન)
ઉપ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

૧. માન. મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરનાં અધિકારીશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
૨. માન.મંત્રીશ્રી ,મહિલા અને બાળ કલ્યાણનાં અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
૩. માન.રા.ક.મંત્રીશ્રી,મહિલા અને બાળ કલ્યાણનાં અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
૪. અધિક મુખ્ય સચિવશ્રી (નાણા), નાણાં વિભાગ,સચિવાલય,ગાંધીનગર
૫. કમિશ્નરશ્રી ,મહિલા અને બાળ વિકાસની કચેરી,ગાંધીનગર
૬. નિયામકશ્રી(આઇસીડીએસ) , કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી,ગાંધીનગર
૭. નાણાં સલાહકારશ્રી,મહિલા અને બાળ વિકાસ વિભાગ ,સચિવાલય,ગાંધીનગર
૮. એકાઉન્ટન્ટ જનરલશ્રી,અમદાવાદ/રાજકોટ
૯. જિલ્લા વિકાસ અધિકારીશ્રી,તમામ
૧૦. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,તમામ
૧૧. વિભાગીય નાયબ નિયામકશ્રી (અમદાવાદ,વડોદરા,સુરત,રાજકોટ)
૧૨. પ્રોગ્રામ ઓફીસરશ્રી,આઇસીડીએસ તમામ
૧૩. પ્રોગ્રામ ઓફીસરશ્રી,મહાનગર પાલિકા (અર્બન) તમામ
૧૪. સિલેકટ ફાઇલ

# પરિશિષ્ટ-૧

## નાણાંકીય વ્યવસ્થા

### નાણાંકીય મદદ/રીકરીંગ ગ્રાંટ (પ્રતિ ઘોડિયાઘર દિઠ માસિક/વાર્ષિક ખર્ચ)

એ. રીકરીંગ ગ્રાંટ (૨૫ બાળકોના ઘોડિયાઘર માટે)

| ક્રમ નં. | આઇટમ | ખર્ચ મર્યાદા (માસિક રૂ.) | વાર્ષિક ખર્ચ વર્ષ દીઠ રૂ. |
|---|---|---|---|
| ૧ | માનદ વેતન | | |
| એ. | ઘોડિયાઘર કાર્યકર | માસિક રૂ.૩૦૦૦/- | રૂ.૩૬૦૦૦/- |
| બી. | ઘોડિયાઘર મદદનીશ | માસિક રૂ.૧૫૦૦/- | રૂ.૧૮૦૦૦/- |
| સી. | ડોકટર | દર ત્રિમાસિક સમયગાળા માટે મુલાકાત દીઠ રૂ.૨૫૦ | રૂ.૧૦૦૦/- |
| ૨ | મહિનામાં ૨૬ દિવસો માટે પૂરક પોષણ | | |
| | ૨૫ બાળકો માટે બાળક દીઠ રોજના રૂ.૧૨/- | માસિક રૂ.૭૮૦૦/- | રૂ.૯૩૬૦૦/- |
| ૩ | અન્ય વસ્તુઓ | | |
| | દવાની કીટ | છ માસિક રૂ.૫૦૦/- | રૂ.૧૦૦૦/- |
| | પી એસ ઇ કીટ | વાર્ષિક રૂ.૨૦૦૦/- | રૂ.૨૦૦૦/- |
| | સ્વતંત્ર એજંસીઓ દ્વારા દેખરેખ (વર્ષમાં એક વખત) | ઘોડિયાઘરની દર મુલાકાત દીઠ રૂ.૧૦૦૦/- | રૂ.૧૦૦૦/- |
| | કુલ ખર્ચ | | રૂ.૧૫૨૬૦૦/- |

- ઘોડિયાઘર કેન્દ્રમાં ૨૬ દિવસ માટે ૨૫ બાળકો દીઠ રૂ.૧૨/- મુજબની નાણાકીય સહાય આપવામાં આવે છે, જેનો ઉપયોગ ઘોડિયાઘર કેન્દ્રમાં આવતા બાળકોને સવારનો નાસ્તો અને બપોરનો નાસ્તો આપવા માટે કરવાનો રહેશે.

બી. નોન રીકરીંગ ગ્રાંટ (૨૫ બાળકોના ઘોડિયાઘર માટે)

| ક્રમ નં | આઇટમ | ખર્ચની મર્યાદા | ખર્ચ |
|---|---|---|---|
| ૧ | પાંચ વર્ષના સમય માટે નોન રીકરીંગ ગ્રાંટ | દરેક નવું ઘોડિયાઘર શરૂ થાય ત્યારે એક વખત રૂ.૧૦,૦૦૦/- અને ત્યાર પછી પાંચ વર્ષના અંતરે તે બદલવા /ઉપકરણો/ફર્નિચર, પાણીના ફિલ્ટર વગેરેની ખરીદી કરવા માટે રૂ.૫,૦૦૦/- | (i) રૂ.૧૦,૦૦૦/-<br>(ii) રૂ.૫,૦૦૦/- |

# પરિશિષ્ટ-૨

## કામ કરતી માતાઓના બાળકો માટે રાષ્ટ્રીય ઘોડિયાઘરની યોજના

### અરજી પત્રક

નોંધ:- અધુરી માહિતીવાળી અરજીઓ સ્વીકારવામાં આવશે નહિ.

૧. સંસ્થાનું નામ અને માલિક તથા કારોબારી સભ્યોના નામ સાથે તેમના પાન,આધાર નંબરો, એન.જી.ઓ, પી.એસ પોર્ટલ પરથી મેળવેલ યુનિક આઇ.ડી., ઇ.મેઇલ આઇ.ડી અને મોબાઇલ નંબર.

૨. સંસ્થાનો વિગતવાર ઇતિહાસ,જેમાં તેની તમામ ભારતીય શાખાઓ,જો કોઇ હોય તો, અને તેના હેતુઓ અને પ્રવૃત્તિઓની વિગતો હોવી જોઇએ.

૩. સંસ્થા રાજ્ય સરકાર દ્વારા સ્વીકૃત છે કે નહિ?

૪. સંસ્થા ઇન્ડિયન સોસાયટી રજીસ્ટ્રેશન એકટ,૧૮૬૦(૧૮૬૦ નો ACT XXL) હેઠળ નોંધાયેલ છે કે નહિ?

૫. શું સંસ્થા કોઇ વ્યકિતને કે વ્યકિતઓના સમુહને નફો કરાવવા માટે કાર્ય કરે છે?

૬. શું સંસ્થા ઘોડિયાઘર ચલાવે છે કે અગાઉ ચલાવતી હતી? જો આવું હોય તો, લાભાર્થીઓની સંખ્યા (એટલે કે ૬ મહિનાથી ૬ વર્ષની વયના બાળકો) અને સંસ્થા દ્વારા સંચાલન કરવામાં આવેલ ઘોડિયાઘરોની સંખ્યા,જેવી વિગતો પૂરી પાડવી.

૭. ઘોડિયાઘરોના, લાભાર્થીઓની સંખ્યા(એટલે કે ૬ મહિનાથી ૩વર્ષ અને ૩-૬ વર્ષના બાળકો) અને જે ઘોડિયાઘર માટે ગ્રાંટ માંગવામાં આવી હોય તે શરૂ થવાની સંભવિત તારીખ સાથે કેંદ્ર દ્વારા મદદથી થનાર ફાયદા અને પ્રોજેકટની ખાસિયતો દર્શાવતી વિગતો.

૮. ઘોડિયાઘરના કર્મચારી અને મદદનીશના નામ,સરનામા અને લાયકાત.

૯. એક વર્ષ માટે વિનંતી કરેલ ગ્રાંટની રકમ અને સંસ્થાકીય ૧૦% હિસ્સા(ન્યુનત્તમ) માટેના ફંડનો સ્ત્રોત.

| વસ્તુ | ભારત સરકારનો હિસ્સો | રાજય સરકારનો હિસ્સો | ૧૦% સંસ્થાનો હિસ્સો(એટલે કે,વાસ્તવમાં ઘોડિયાઘરનું સંચાલન કરનાર એન.જી.ઓ.) | કુલ | એન.જી.ઓ.ના હિસ્સા માટે ફંડનો સ્ત્રોત(૧૦%) |
|---|---|---|---|---|---|
| નોન-રીકરીંગ (વસ્તુ મુજબ) | | | | | |
| રીકરીંગ(વસ્તુ મુજબ) | | | | | |

૧૦. શું ઘોડિયાઘર ચલાવવા માટે સ્થળ ઉપલબ્ધ છે અથવા કામચલાઉ જગ્યા છે કે જેમાં સુધારની દરખાસ્ત કરી હોય?(પોતાનું કે ભાડાનું)

૧૧. કાગળો/દસ્તાવેજોની યાદી જોડવી(બિડાણ મુજબ)

સંસ્થા સચિવ/પ્રમુખની સહી.

<u>અરજી સાથે જોડવાના કાગળો/ દસ્તાવેજોની યાદી</u>

૧. સંસ્થાના અગાઉના વર્ષના પાકાં સરવૈયા સાથે છેલ્લા ત્રણ વર્ષના ઓડિટ કરેલા હિસાબો.
૨. કેંદ્ર/રાજય સરકાર,કેંદ્રીય સમાજ કલ્યાણ બોર્ડ,સ્થાનિક એકમો કે કોઇ સરકારી સંસ્થાઓ પાસેથી છેલ્લા ૩ વર્ષોમાં મળેલ મદદની વિગતો દર્શાવતું પત્રક (વર્ષ, હેતુ, રકમ, વગેરે) અને તેની સાથે તેમાંથી કે અન્ય કોઇ સંસ્થાને કોઇ પ્રોજેકટ માટે કરવામાં આવેલી અરજીનો પણ સમાવેશ કરવો.
૩. ઘોડિયાઘરના કર્મચારી અને મદદનીશની લાયકાત અંગેના પ્રમાણપત્ર.
૪. ઘોડિયાઘરના કર્મચારી અને મદદનીશની તાલીમનું પ્રમાણપત્ર.

# પરિશિષ્ટ–૩-એ

## જિલ્લા સ્તરે: જિલ્લા કક્ષાની સંચાલન સમિતિ

| | | |
|---|---|---|
| (a) | જિલ્લા વિકાસ અધિકારીશ્રી | અધ્યક્ષ |
| (b) | જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી | સભ્ય |
| (c) | જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી | સભ્ય |
| (d) | હિસાબી અધિકારીશ્રી | સભ્ય |
| (e) | પ્રોગ્રામ ઓફીસરશ્રી | સભ્ય સચિવ |

- જિલ્લા કક્ષાની સમિતિ દર માસે મળશે.
- જિલ્લા કક્ષાની સમિતિ ઘોડિયાઘર માટે તાલુકા કક્ષાએથી ભલામણ સહિત આવેલ સ્વૈચ્છિક સંસ્થાઓની અરજી અંગે મંજૂર/નામંજૂરની ભલામણ કરી રાજ્ય કક્ષાની સમિતિને મોકલી આપશે.
- જિલ્લામાં આ સમિતિ ઘોડિયાઘરના પ્રચાર પ્રસારની કામગીરી પણ કરશે.
- જિલ્લા કક્ષાની સમિતિ વખતોવખત ઘોડિયાઘરમાં આપવામાં આવતી સેવાની ગુણવત્તાની ચકાસણી કરશે.
- ઘોડિયાઘર બંધ કરવા માટે તાલુકા કક્ષાએથી આવેલ ભલામણ ઉપર જિલ્લા કક્ષાની સમિતિ તેમનો અભિપ્રાય આપી, રાજ્ય કક્ષાની સમિતિને ઘોડિયાઘર બંધ /ચાલુ રાખવા અંગે દરખાસ્ત કરશે.
- દર મહિને પ્રોગ્રામ ઓફીસરે સંબંધિત સી.ડી.પીઓ દ્વારા ઘોડીયાઘરની સરપ્રાઇઝ મુલાકાત/ નિરીક્ષણ કરાવવાનું રહેશે.
- યોજના અમલીકરણને લગતી બાબતો પર સલાહ આપશે.
- સ્વૈચ્છિક સંસ્થા દ્વારા ઘોડિયાઘરની કામગીરી સંતોષકારક ન જણાય અથવા અન્ય કોઇ કારણસર ઘોડિયાઘર બંધ કરવાનું થાય, તેવા કિસ્સામાં તાલુકા કક્ષાની ભલામણ સહિત ઘોડિયાઘર બંધ કરવાની દરખાસ્ત જિલ્લા કક્ષાની સમિતિએ રાજ્ય કક્ષાની સમિતિને કરવાની રહેશે.
- આ સમિતિ યોજના સંબંધિત કાર્યક્ષેત્રમાં અમલની સમીક્ષા કરશે અને તેના પર દેખરેખ રાખશે.

# પરિશિષ્ટ–૩-બી

## રાજ્ય સ્તરે: રાજ્ય કક્ષાની સંચાલન સમિતિ

| | |
|---|---|
| (a) કમિશ્નરશ્રી,મહિલા અને બાળ વિકાસ વિભાગ | અધ્યક્ષ |
| (b) કમિશ્નરશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના પ્રતિનિધી | સભ્ય |
| (c) નિયામકશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી | સભ્ય |
| (d) સચિવશ્રી(ખર્ચ) અથવા પ્રતિનિધી, નાણાં વિભાગ | સભ્ય |
| (e) નાયબ સચિવશ્રી(આઇસીડીએસ) | સભ્ય |
| (f) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ અથવા પ્રતિનિધી | સભ્ય |
| (g) નાયબ નિયામક(નાણાં) | સભ્ય |
| (h) નાયબ નિયામક (યોજના) આઇસીડીએસ | સભ્ય સચિવ |

- જિલ્લા કક્ષાએથી મળેલ અરજીઓ બાબતે રાજય કક્ષાની સમિતિ દ્વારા ચકાસણી કરી "NGO PORTAL" ઉપર ઓનલાઇન મંજુરી માટે ભારત સરકારને દરખાસ્ત પાઠવવાની રહેશે.
- રાજય કક્ષાની સમિતિ સ્થાનિક કક્ષા અને જિલ્લા કક્ષા પર કરવામાં આવેલ દેખરેખના રેકર્ડની ખરાઇ કરશે.
- ઘોડિયાઘર બંધ કરવા માટે જિલ્લા કક્ષાએથી આવેલ ભલામણને ધ્યાને રાખી ભારત સરકારને ઘોડિયાઘર બંધ/ચાલુ કરવા અંગે દરખાસ્ત કરશે.